# ચિરાગે હિદાયત ૨૫૧

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૩ રજબ/૦૯ માર્ચ : વિલાદતે હઝરત ઈમામ અલી(અ.સ.)

૧૫ રજબ/૧૧ માર્ચ : શહાદતે ઈમામ જાફરે સાદિક(અ.સ.)

# હઝરત અલી(અ.સ.)ની વિલાયત અને દલીલ

અરબના એક મશહૂર વિદ્વાન અબ્દુલ ફત્તાહ અબ્દુલ મકસુદે શિયાઓની બેઠકમાં શિરકત કરી કે જ્યાં ઝિક્રે અલી(અ.સ.) થઈ રહ્યો હતો. અબ્દુલ ફત્તાહે સવાલ કર્યો કે “આપ શિયા લોકો હઝરત અલી ઈબ્ને અબિતાલિબ(અ.સ.)ની કા’બામાં વિલાદતથી શું સમજો છો અને આ બનાવનું શું વિશ્લેષણ કરો છો?” તેમને પૂછવામાં આવ્યું કે “શું તમે આ વાકેઆને નથી માનતા?” તેમણે જવાબ આપ્યો કે “શા માટે ન માનું? પણ હું આ વાકેઆથી તમારી તફસીરને જાણવા માંગુ છું.” મજલિસમાં બેસેલા એક આલિમે દીને જવાબ આપ્યો કે “તમામ મુસલમાન કા’બાની તરફ રૂખ કરીને નમાઝ પઢે છે. અલ્લાહતઆલાએ હઝરત અલી(અ.સ.)ને કા’બામાં પેદા કર્યા કે જેથી જ્યારે પણ કોઈ કા’બાની તરફ રૂખ કરીને નમાઝ પઢે તો હઝરત અલી(અ.સ.)ની વિલાદતના આ બનાવ તરફ પણ ધ્યાન આપે તથા હઝરત અલી(અ.સ.)ને યાદ કરે.”

## * હઝરત અલી(અ.સ.)ની માઅરેફત :

હઝરત અલી(અ.સ.)ની હકીકી માઅરેફત આપણા ગજાની વાત નથી. એક ઉદાહરણ આપીએ છીએ કે આપણી વધુમાં વધુ ઉમ્ર ૮૦ કે ૯૦ વર્ષ છે. આ ૮૦ અથવા ૯૦ વર્ષની

ઉમ્રમાં પણ આપણે એક રકાત નમાઝ સંપૂર્ણ ધ્યાન આપીને નથી પડતા, બલ્કે આપણે નમાઝમાં બીજા કામોના બારામાં વિચારવાનો સમય શોધી લઈએ છીએ. પણ હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.) એક રાતમાં એક હજાર રકાત નમાઝ અદા કરતા અને દરેક રકાતને પુરૂ ધ્યાન આપી અદા કરતા. આ હિસાબથી આપણા ૯૦ વર્ષ હઝરત અલી(અ.સ.)ની એક રકાતના હજારમાં ભાગ બરાબર પણ નથી.

આપ(અ.સ.)ના બીજા ફઝાએલો કમાલાત જેમ કે ઈલ્મ, શુજાઅત, કુરબાની, ખુલુસ, હિકમત વિગેરેને એક બાજુ રાખી દઈએ તો પણ ફક્ત એક નમાઝમાં પણ આપણે મૌલા અલી(અ.સ.)ની બરાબરી નથી કરી શકતા અને તેમની સામે ઝીરોથી પણ નીચે છીએ. આ માટે ન આપણે હઝરત અલી(અ.સ.)ને ઓળખી શકીએ છીએ અથવા ન તો ઓળખાવી શકીએ છીએ.

તો કોણ હઝરત અલી(અ.સ.)ની માઅરેફત કરાવશે? કુરઆને શરીફ અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) હઝરત અલી(અ.સ.)ની માઅરેફત કરાવશે.

કુરઆને શરીફ કઈ રીતે હઝરત અલી(અ.સ.)ની માઅરેફત આપે છે? મુબાહેલાના બનાવમાં જ્યારે નજરાનના મસીહોએ દાવો કરીને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને મુબાહેલાના મેદાનમાં પોતાના નફસની સાથે બોલાવ્યા કે જેથી બંને એકબીજા ઉપર બદ્દુઆ કરે અને જે ખોટા હોય ખુદા તેનો નાશ કરે. ત્યારે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) આટલા બધા સહાબીઓ અને સગાઓમાંથી ફક્ત હઝરત અલી(અ.સ.)ને પોતાના નફસ તરીકે મેદાનમાં લઈને આવ્યા.

ફક્ત હઝરત અલી(અ.સ.) જ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની

જાન છે કેમકે હઝરત અલી(અ.સ.)એ એવું કામ અંજામ આપ્યું કે જેના કારણે અલ્લાહ તઆલાએ મલાએકાની સામે ફખ્ર કર્યો. તો હઝરત અલી(અ.સ.)એ એવું શું કર્યુ કે અલ્લાહ તઆલાએ તેમની ઉપર ફખ્ર અનુભવ્યો. આપ(અ.સ.)એ હિજરતની રાતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના બિસ્તર ઉપર સૂઈને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નો જીવ બચાવ્યો.

બસ! હિજરતની રાતે હઝરત અલી(અ.સ.)એ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના બિસ્તર પર સૂઈને આ સાબિત કરી દીધું કે હઝરત અલી(અ.સ.) જાને રસૂલ છે અને આ જ પ્રમાણે મુબાહેલાના પ્રસંગ ઉપર હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ આટલા બધા લોકોમાંથી ફક્ત હઝરત અલી(અ.સ.)ને ચૂંટીને આ સાબિત કરી દીધું કે નફ્સે રસૂલ(સ.અ.વ.) ફક્ત અને ફક્ત હઝરત અલી(અ.સ.) છે.

## * વિલાયતે હઝરત અલી(અ.સ.) :

કુરઆને કરીમથી આપણે હઝરત અલી(અ.સ.)ની વિલાયત અને ઈમામતને સાબિત કરી શકીએ છીએ? હઝરત અલી(અ.સ.)ની વિલાયતનો ઝિક્ર કુરઆન મજીદમાં ઘણી જગ્યાએ મળી આવે છે. પરંતુ અહિં અમે ફક્ત એક વાકેઆનો ઝિક્ર કરશું. પરંતુ આ પહેલા એક વાતને સ્પષ્ટ કરી દેવી જરૂરી છે કે અલ્લાહ તઆલાના તમામ કાર્યો કોઈ હિકમત કે મકસદ માટે હોય છે. અલ્લાહ તઆલાના કાર્યોમાંથી એક કામ કુરઆને મજીદને નાઝિલ કરવું અને તેની અંદર તમામ વાતોને બયાન કરવી તથા તે તમામ વાતોમાં અંબિયાના કિસ્સાઓને પણ બયાન કરવા છે.

સુરએ બકરહમાં તાલુત અને જાલુતનો કિસ્સો બયાન કરવામાં આવ્યો છે. આ કિસ્સામાં બે તાકત હક અને બાતિલ

એકબીજાના મુકાબલામાં આવે છે. હક તરફથી એક દાઉદ નામનો યુવાન પોતાની તમામ તાકતની સાથે બાતિલના નુમાઈંદા અને રહેબરને કત્લ કરી દે છે. અલ્લાહ કહે છે કે ‘હવે જ્યારે તે તારી બહાદુરી બતાવી છે અને બાતિલના રહેબરને નાબૂદ કરી દીધો છે તો હું તને ત્રણ ચીઝ આપુ છું: હુકૂમત, હિકમત અને ઈલ્મ.’ દાઉદના આ અઝીમ કાર્ય પછી આપનું નામ જનાબે દાઉદ(અ.સ.) થઇ ગયું. ત્યારપછી જનાબે દાઉદ(અ.સ.) નબી થઇ ગયા અને તેમની ઔલાદમાં પણ નબીઓનો સિલસિલો ચાલવા લાગ્યો.

અમે આ કિસ્સાથી સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે શું જંગે ખંદકમાં હઝરત અલી(અ.સ.) અમ્ર ઈબ્ને અબ્દવદના મુકાબલામાં નહોતા આવ્યા? આ માટે કાનૂને ઈલાહીની બુનિયાદ ઉપર જો અલ્લાહ તઆલા જનાબે દાઉદ(અ.સ.)ને જાલૂતના કત્લથી હુકૂમત, હિકમત અને ઈલ્મ અતા કરે, તો પછી હઝરત અલી(અ.સ.) અમ્ર ઈબ્ને અબ્દવદ કે જે કુલ્લે કુફ્ર છે તેને જંગે ખંદકમાં વાસિલે જહન્નમ કરે તો તેમને પણ આ ત્રણ ચીઝો મળવી જોઈએ. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)ની વિલાયત ઉપર આ કુરઆને કરીમની એક મજબૂત દલીલ છે. વિલાયતે અલી(અ.સ.) માટે કુરઆનથી મોટી દલીલ બીજી કઇ હોઇ શકે છે.

પરવરદિગારે આલમ નફ્સે રસૂલ હઝરત અલી(અ.સ.) અને તેમની ઔલાદની મોહબ્બતથી આપણા દિલોને મુનવ્વર ફરમાવે કે જેથી ખુદા અને હઝરત રસૂલ(સ.અ.વ.) આપણાથી રાજી રહે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com